ડી. ઢાળ૫ ૬૭

સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણોના આધારે સમાજ સુરક્ષા ખાતા હસ્તકની ૧૦૦% અનુદાન મેળવતી વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને ગુજરાત રાજ્ય સુધારેલ પગાર ધોરણ નિયમો,૨૦૧૬ અન્વયે નવા પગારધોરણો લાગુ પાડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૬/૬૮૦૧૧૮/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૩/૦૮/૨૦૧૮.

વંચાણે લીધાઃ-

(૧) નાણા વિભાગનો તા.૧૬.૦૮.૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ- પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ.

(૨) નાણા વિભાગનો તા.૦૨.૧૧.૨૦૧૬નો અ. સ. પત્ર ક્ર: પગર/૧૦૨૦૧૬/ઓ.૪૨૮ /પગાર એકમ

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૧૩/૦૯/૨૦૧૭નો પત્ર જા નં. સસુખા/અપગ/૨૦૧૭-૧૮/૩૦૯.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૧/૦૨/૨૦૧૮નો પત્ર જા નં. સસુખા/અપગ/૨૦૧૭-૧૮/૨૧.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૧૧/૦૪/૨૦૧૮નો પત્ર જા નં. અપગ/સાતમુ પગાર પંચ/૧૮૨

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૬/૦૬/૨૦૧૮નો પત્ર જા નં. અપગ/સાતમુ પગાર પંચ/૨૪૭.

આમુખ :-

નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવમાં સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓ કે જેઓને છઠ્ઠા પગાર પંચનો લાભ નાણા વિભાગની મંજુરીથી આપવામાં આવેલ હોય, તેઓને સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ આપવા નિર્ણય લેવાયેલ છે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નાણા વિભાગના અ.સ.પત્રથી સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવાની દરખાસ્તો નાણા વિભાગને રજૂ કરતા પહેલાં વિભાગે બાબતો/ મુદ્દાઓ ધ્યાને લેવા અંગે સુચનાઓ આપવામાં આવેલ છે. તદ્દનુસાર સમાજ સુરક્ષા ખાતા હસ્તકની માન્યતા ધરાવતી અને પગારની ૧૦૦% સહાયક અનુદાનિત વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રની ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓના કર્મચારીઓ કે જેઓને છઠ્ઠા પગાર પંચનો લાભ નાણા વિભાગની મંજુરીથી આપવામાં આવેલ હતો, તેવા કર્મચારીઓને સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણો પ્રમાણેના સુધારેલ પગાર ધોરણનો લાભ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી (૬) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૩) થી (૬) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને સમાજ સુરક્ષા ખાતા હસ્તકની માન્યતા ધરાવતી અને પગારની ૧૦૦% સહાયક અનુદાનિત વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રની ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓની નિયમિત પગાર ધોરણથી ભરેલી ૮૭૦ જગ્યાઓને સાતમા પગાર પંચની ભલામણો પ્રમાણેના સુધારેલ પગાર ધોરણો આપવા માટે નીચેની શરતોને અધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને આધીન તા.૦૧.૦૧.૨૦૧૬થી 'સ્કેલ ટુ સ્કેલ'ને ધોરણે પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.

(૨) સરકારની મંજુરી હેઠળ નાણા વિભાગના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવ અનુસાર ભવિષ્યમાં ફિક્સ પગારથી જગ્યાઓ ભરવાની થાય તો આ ફિક્સ પગારની જગ્યાઓને પાંચ વર્ષની નિયત મુદ્દત પૂર્ણ થયા બાદ સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવાની રહેશે. જે જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરેલ હોય તે જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં. આ જગ્યાઓ સરકારની પુર્વમંજુરી વગર ભરી શકાશે નહીં. ખાલી પડેલી ૨૪૧ જગ્યાઓ તથા આઉટસોર્સિંગથી ભરેલ હોય જગ્યાઓ રદ કરવાની રહેશે અને ખાલી જગ્યાઓ રદ કર્યા અંગેના વિધિસર હુકમો કરવાના રહેશે. ભવિષ્યમાં જરૂર જણાયે પુન: નાણા વિભાગના પરામર્શમાં જગ્યાઓ ઉભી કરી શકાશે. આઉટસોર્સિંગથી ભરવાની મંજૂરી આપેલ જગ્યાઓ સંસ્થાએ જરૂરિયાત મુજબ પોતાની રીતે આઉટસોર્સિંગથી સેવાઓ મેળવવાની રહેશે. આ જગ્યાઓનો ઠરાવની અનુસૂચિમાં સમાવેશ કરવાનો રહેશે નહી.

(3) આ સાથે પરિશિષ્ટમાં દર્શાવેલ ૪૦ સંવર્ગની નિયમિત પગાર ધોરણમાં ભરેલી ૯૨૦ (૮૭૦+૫૦) જગ્યાઓ સિવાયના કોઈ પણ સંવર્ગ/ જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ સિવાયની કોઈ પણ જગ્યા ઉપર સરકારની પૂર્વ મંજુરી વગર નિમણૂંક આપી શકાશે નહિં કે પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં.

(૪) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સરકારની મંજુરી વગર ઉભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ, કરાર આધારે ભરેલ કે ફિક્સ પગારથી કે આઉટસોર્સિંગથી ભરેલી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહીં કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહિ. આ સંસ્થા દ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોઇ તેવી જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરવા અંગે રાજ્ય સરકાર દ્વારા કોઈ અનુદાન આપવાનું રહેશે નહી. અલબત્ત નાણા વિભાગના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર અને ત્યારબાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજુરીથી ઉભી થયેલ અને સરકારની મંજૂરીથી ભરવામાં આવેલ જગ્યાઓને, અનુદાનિત મહેકમની જગ્યાઓની મર્યાદામાં, નિયત વર્ષોની ફિક્સ પગારની સેવા પૂર્ણ થયેથી આ પગાર સુધારણાનો લાભ મંજુર કરી શકાશે.

(૫) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓની તા.૦૧.૦૧.૨૦૧૬થી પગાર સુધારણા મંજુર કરવાની રહેશે. પરંતુ ખરેખર

પગારમાં ચૂકવણી વહીવટી વિભાગના હુકમોની તારીખથી પછીના માસની પહેલી તારીખથી મળવાપાત્ર થશે. તા.૦૧.૦૧.૨૦૧૬થી ખરેખર પગારમાં ચૂકવણીની તારીખ વચ્ચેના સમયગાળાના તફાવતની રકમ અંગે સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવે તે મુજબ ચૂકવણી કરવાની રહેશે.

(૬) રાજય સરકારના નિર્ણય અનુસાર અધિકારી/ કર્મચારીઓને મળવાપાત્ર ભથ્થા વિદ્યમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે.

(૭) સાતમા પગાર પંચને સંબંધિત રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંસ્થા પોતાની સત્તાની રૂ એ કોઈ છુટછાટ આપી શકશે નહિ.

(૮) રાજય સરકારની મંજૂરી વિના હવે પછી સંસ્થા કોઈ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકશે નહિ અને તેને સાતમા પગાર પંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજુર કરી શકશે નહીં. રાજ્ય સરકારની મંજુરીથી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની જોગવાઈઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુત્તમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી/ બઢતી આપવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર જ ભરતી/ બઢતી આપવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુત્તમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.

(૯) રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પર વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નિયત ભરતી પ્રકિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. આ સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઈ અનુદાન (પગાર-ભથ્થા અને નિવૃતિ લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે નહી.

(૧૦) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને હાલમાં ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ સ્થગિત હોઇ ઉચ્ચત્તર પગાર ધોરણ

માટે સરકારની મંજુરી મેળવવાની રહેશે અને સરકારની મંજુરી મળે નહીં ત્યાં સુધી આ સંસ્થાના કોઈ પણ કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મંજુર કરી શકાશે નહીં.

(૧૧) ભારત સરકાર અને ગુજરાત સરકારની સૂચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે. વોક ઇન ઇન્ટરવ્યુ (સાક્ષાત્કાર કસોટી) દ્વારા જગ્યાઓ ભરી શકાશે નહી. તથા વર્ગ-૨ અને તેની ઉપરની જગ્યાઓમાં પણ પ્રાથમિક કસોટી અને ઇન્ટરવ્યુના ગુણ ધ્યાનમાં લઈ પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. (તા.૦૧.૦૧.૨૦૧૬ અને ત્યારબાદની તમામ જાહેરાત કે જેની પસંદગી પ્રક્રિયા બાકી છે તેમાં ઉક્ત શરત લાગુ પાડવાની રહેશે.)

(૧૨) સાતમા પગાર પંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઇ પણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ માટે સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી સંસ્થાના સબંધિત અધિકારીશ્રીની રહેશે.

(૧૩) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજ્ય સરકારના સેવા વિષયક નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાની સત્તાની રૂએ કોઇપણ જગ્યાઓ ઉભી કરી શકશે નહિ અને કોઇ પણ કર્મચારીની ભરતી કરી શકશે નહિ. નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. આ શરતનો અમલ ન કરવામાં આવે તો સંસ્થાની જવાબદારી રહેશે.

(૧૫) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. હાલ આઉટસોર્સિંગ/કરાર આધારિત ભરવામાં આવેલ જગ્યાઓની કામગીરીના નોર્મ્સ મુજબ કામગીરીના ભારણની સમીક્ષા કરી તબક્કાવાર તે જગ્યાઓ રદ કરવાની રહેશે.

(૧૬) પાંચમા પગાર પંચ વખતે રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટ મંજુરીથી હુકમો કરી અનુદાનિત સંસ્થાના કર્મચારીઓને જે ભથ્થાઓ મંજુર કરેલ છે. તે ઉપરાંત કોઇ વધારાના ભથ્થાં

4

ચૂકવવાના રહેશે નહીં કે છઠ્ઠા પગાર પંચ મુજબના પ્રવર્તમાન ભથ્થાંઓના દરમાં કોઇ વધારો કરવાનો રહેશે નહીં કે વધારાના પ્રોત્સાહન (incetives) / લાભ રાજ્ય સરકારની મંજુરી વગર આપી શકાશે નહીં. સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા ભથ્થાંઓ / લાભ અંગેના હુકમો સીધે સીધા અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પડશે નહીં સિવાય કે હુકમોમાં તે અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય.

(૧૭) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના તમામ કર્મચારીઓનું આઇ.એફ.એમ.એસ. (IFMS) સિસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓનલાઈન પે ફીકશેસન તથા ઓનલાઈન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફીકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના પે ફીક્શેસન કરનાર અધિકારીની રહેશે. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની તમામ વિગતો બનેલ પ્રસંગો (events) અદ્યતન કરી, ત્યાર બાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

(૧૮) પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ નામાભિધાન/ પગાર ધોરણો પણ વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુન:દરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે. સંસ્થા કે વિભાગ કોઇ પણ જગ્યાના નામાભિધાન કે પગાર ધોરણમાં કોઇ ફેરફાર કરી.શકશે નહીં.

(૧૯) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓની કોઇ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા ભરશે તો આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહીં.

(૨૦) તા.૦૧.૦૧.૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા અધિકારીઓ/કર્મચારીઓને નિયમોનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ ( ગ્રેડ પેને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલમાં મળવાપાત્ર પગાર) તથા તે મુજબના નિવૃતિ લાભો જો મળવાપાત્ર થતા હશે તો તે પગાર ચકાસણી થયા બાદ ચુકવવાના રહેશે.

(૨૧) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગાર પંચ પ્રમાણે ઓનલાઈન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીઓની સાતમા પગાર

પંચ મુજબ પગાર બાંધણી થઈ શકશે નહીં. જો તેવા કર્મચારીઓની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ આકારવામાં આવશે તો તે અંગે સબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૨૨) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓ સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા/ પગાર બાંધણી અને નિયત નમૂનામાં વિકલ્પ આપી શકશે અને સબંધિત કચેરી દ્વારા કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ વિકલ્પ મુજબ જે તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે. એકવાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણવાનો રહેશે. સંસ્થાના કર્મચારીઓ પાસેથી નિયત નમૂના મુજબના બાહેંધરીપત્રમાં બાહેંધરી મેળવવાની રહેશે.

(૨૩) આ મંજુરી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી દ્વારા રજૂ કરવામાં આવેલ વિદ્યમાન પગાર ધોરણની વિગતોને ધ્યાને લઈ આપવામાં આવેલ હોઈ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી અને સંસ્થા દ્વારા પુન: ચકાસણીને આધીન 'સ્કેલ ટુ સ્કેલ'ને ધોરણે પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે જરૂરી સ્પષ્ટતા માટે વિભાગ મારફત નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

(૨૪) અનુદાનિત સંસ્થાઓને ગુજરાત મુલ્કી સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો, લાગુ પડતા ન હોઈ વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સહાય અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓની જગ્યાઓને વર્ગીકરણ (વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩, વર્ગ-૪) લાગુ પડશે નહીં.

(૨૫) ઉપરોક્ત શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૬.૦૭.૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )

બિડાણ:- પરિશિષ્ટ

સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

4